ડિજિટલ ફ્રોડ પર RBIની 'બ્રેક'

રૂ. 10,000થી વધુના ટ્રાન્ઝેક્શનમાં 1 કલાકનો વિલંબ થઈ શકે છે

છેતરપિંડી કરનારાઓ મનોવૈજ્ઞાનિક દબાણ લાવીને ઉતાવળમાં નાણા ટ્રાન્સફર કરાવે છે તે રોકવા નવી વ્યવસ્થાની દરખાસ્ત

ડિજિટલ ટ્રાંઝેક્શનો તરત થઇ જતા હોવાથી નિર્દોષ ગ્રાહકો ઘણા નાણા ગુમાવે છે

નવી વ્યવસ્થા માટે ૮ મે સુધી જનતાના સૂચનો મંગાવાયા

મુંબઇ, તા. ૧૦: ભારતની ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ એક મુખ્ય વિશેષતા પર ટકી છેઃ ઝડપ. ભલે તે બિલના પૈસા ભરવાના હોય, ઘરનું ભાડું ચૂકવવાનું હોય કે કટોકટીમાં નાણાં મોકલવાના હોય, UPI સફળ છે કારણ કે તે ત્વરિત છે. પરંતુ આ મુખ્ય વિશેષતા ટૂંક સમયમાં બદલાઈ શકે છે, ઓછામાં ઓછું અમુક વ્યવહારો માટે. ડિજિટલ પેમેન્ટમાં વધતી જતી છેતરપિંડી અંગેની ચિંતાઓને ધ્યાનમાં રાખીને, ભારતીય રિઝર્વ બેંક (RBI)એ અમુક ડિજિટલ પેમેન્ટ્સ માટે એક કલાકના વિલંબની દરખાસ્ત રજૂ કરી છે.

આ દરખાસ્ત પેમેન્ટ પ્રોસેસ કરવાની રીતમાં એક વિરામ રજૂ કરે છે. જો અમલમાં આવે તો, અન્ય વ્યક્તિને મોકલવામાં આવતા રૂ. ૧૦,૦૦૦ થી વધુના વ્યવહારો તરત જ પૂર્ણ થશે નહીં. પૈસા મોકલનારના ખાતામાંથી તરત જ કાપી લેવામાં આવશે, પરંતુ પ્રાપ્તકર્તાના ખાતામાં જમા થતા પહેલા બેંક દ્વારા તેને એક કલાક સુધી રોકી રાખવામાં આવશે. આ સમયગાળા દરમિયાન, મોકલનાર પાસે વ્યવહાર રદ કરવાનો વિકલ્પ હશે. આ વિલંબ મુખ્યત્વે વ્યક્તિ-થી-વ્યક્તિ (P2P) ટ્રાન્સફર પર લાગુ થવાની અપેક્ષા છે.

ટૂંક સમયમાં એવું બની શકે છે કે તમારા 10 હજારથી વધુના ઓનલાઈન ટ્રાન્ઝેક્શન તરત જ પૂર્ણ નહીં થાય. તેમાં 1 કલાકનો વિલંબ થઈ શકે છે. આનાથી ગ્રાહકોને ખોટા ટ્રાન્ઝેક્શન અટકાવવા અથવા કેન્સલ કરવાની તક મળશે. દેશમાં વધતા ડિજિટલ ફ્રોડને રોકવા માટે RBIએ આ પ્રસ્તાવ રાખ્યો છે. RBIએ આ મુદ્દે 8 મે સુધીમાં જનતાના સૂચનો માંગ્યા છે.

ગગનયાન મિશન માટેનું બીજુ ઈન્ટિગ્રેટેડ એર ડ્રોપ પરીક્ષણ પણ સફળ

અવકાશયાત્રા પછી અવકાશયાત્રીઓના પૃથ્વી પર સલામત ઉતરાણ માટે આ પરીક્ષણ કરાય છે

ગયા વર્ષે ૨૪ ઓગસ્ટે કરાયેલું પ્રથમ પરીક્ષણ પણ સફળ રહ્યું હતું

નવી દિલ્હી, તા. ૧૦(પીટીઆઈ): સ્પેસ એજન્સી ઈસરોએ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં આવેલા સ્પેસ સ્ટેશન ખાતે આગામી ગગનયાન મિશન માટે બીજી ઈન્ટિગ્રેટેડ એર ડ્રોપ ટેસ્ટ (IADT-02) સફળતાપૂર્વક હાથ ધરી છે. માનવ ઉડાન દરમિયાન અવકાશયાત્રીઓ જેમાં બેસે છે તે કેપ્સ્યુલ - એટલે કે ક્રૂ મોડ્યુલ - પૃથ્વી પર પરત ફરે અને લેન્ડિંગ કરે ત્યારે તેની સુરક્ષિત રિકવરી સુનિશ્ચિત કરવા માટે આ સિસ્ટમ આવશ્યક છે.

કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે આ પરીક્ષણના સફળ રીતે યોજવા બદલ ભારતીય અવકાશ સંશોધન સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા. સિંહે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, આગામી વર્ષે નિર્ધારિત ભારતની પ્રથમ માનવ અવકાશ ઉડાન 'ગગનયાન' માટે બીજી ઈન્ટિગ્રેટેડ એર ડ્રોપ ટેસ્ટ (IADT-02) ની સફળ સિદ્ધિ બદલ ઈસરોને અભિનંદન. બીજી ઈન્ટિગ્રેટેડ એર ડ્રોપ ટેસ્ટ સતીશ ધવન સ્પેસ સેન્ટર, શ્રીહરિકોટા ખાતે સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી. આ IADT-02 પરીક્ષણ ૨૪ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતે લેવામાં આવેલા પ્રથમ સફળ IADT પછીનું બીજું ચરણ છે. એર ડ્રોપ ટેસ્ટ અવકાશયાનના પૃથ્વી પર પરત ફરવાના અંતિમ તબક્કાની સ્થિતિનું પુનઃનિર્માણ કરે છે. જેમાં એક વિમાન અથવા હેલિકોપ્ટર અવકાશયાનને ઊંચાઈ પરથી નીચે પાડે છે જેથી વિવિધ પરિસ્થિતિઓમાં તેની પ્રણાલીઓની તપાસ કરી શકાય.

વૉટ્સએપ સંદેશાઓની ગોપનીયતા સામે પ્રશ્નો ઉઠ્યા

X ના માલિક ઇલોન મસ્કે વોટ્સએપની પ્રાઇવસી પર સવાલો ઉઠાવ્યા

ટેલિગ્રામના CEO પાવેલ ડુરોવે આને ઇતિહાસનું સૌથી મોટું એન્ક્રિપ્શન ફ્રોડ ગણાવ્યું

ન્યૂયોર્ક, તા. ૧૦: સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X ના માલિક ઈલોન મસ્ક અને ટેલિગ્રામના CEO પાવેલ ડુરોવે વોટ્સએપની પ્રાઇવસી પર સવાલો ઉઠાવ્યા છે. મસ્કે કહ્યું કે વોટ્સએપ પર ભરોસો કરી શકાય નહીં. બીજી તરફ, ડુરોવે તેને ઈતિહાસનું સૌથી મોટું 'એન્ક્રિપ્શન' ફ્રોડ ગણાવ્યું છે.

આ વિવાદ અમેરિકામાં વોટ્સએપ વિરુદ્ધ દાખલ કરાયેલા એક નવા ક્લાસ એક્શન મુકદ્દમા બાદ શરૂ થયો છે. આ મુકદ્દમો આ વર્ષે જાન્યુઆરીમાં બ્રાયન વાય. શીરાજી અને નિદા સેમસન નામના બે યુઝર્સ દ્વારા કેલિફોર્નિયાની ફેડરલ કોર્ટમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેમાં મેટા પ્લેટફોર્મ્સ અને એક્સેન્ચરને પક્ષકાર બનાવવામાં આવ્યા છે. અરજીકર્તાઓએ જ્યુરી ટ્રાયલની માંગ કરી છે અને કંપની પાસેથી વળતરની અપીલ કરી છે. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે વોટ્સએપ તેના યુઝર્સના મેસેજને વચ્ચેથી જ આંતરે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે મેટા આ મેસેજીસને એક્સેન્ચર જેવી ત્રીજી પાર્ટીઓ સાથે શેર કરી રહ્યું છે. જ્યારે કંપની દાવો કરે છે કે તેના મેસેજ 'એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્ટેડ' છે, એટલે કે મોકલનાર અને મેળવનાર સિવાય કોઈ ત્રીજી વ્યક્તિ તેને વાંચી શકતું નથી. ઈલોન મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને X ચેટનો ઉપયોગ કરવાની અપીલ કરી અને દાવો કર્યો કે ત્યાં 'સાચી પ્રાઈવસી' મળે છે. ત્યાં જ, પાવેલ ડુરોવે કહ્યું કે વોટ્સએપ અબજો યુઝર્સને ગેરમાર્ગે દોરી રહ્યું છે. ટેલિગ્રામે ક્યારેય આવું કર્યું નથી અને ક્યારેય કરશે પણ નહીં.

અમેરિકાનું મોંઘુદાટ સર્વેલન્સ ડ્રોન હોર્મુઝની સામુદ્રધૂનિમાં તૂટી પડ્યું

અંદાજે રૂ.૧,૮૦૦ કરોડ રૂ.ની કિંમતનું સર્વેલન્સ ડ્રોન 'MQ-4C ટ્રાઇટન' હોર્મુઝની સામુદ્રધુનીમાં એક ગુપ્ત મિશન પર હતું

વૉશિંગ્ટન, તા. ૧૦: અમેરિકા અને ઈરાન વચ્ચેના સંઘર્ષમાં એક નવો વળાંક આવ્યો છે. તાજેતરના અહેવાલો મુજબ, અમેરિકાનું અત્યંત આધુનિક અને અંદાજે ૧,૮૦૦ કરોડ રૂપિયાની કિંમતનું સર્વેલન્સ ડ્રોન 'MQ-4C ટ્રાઇટન' હોર્મુઝની સામુદ્રધુનીમાં એક ગુપ્ત મિશન દરમિયાન ગુમ થયું છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે બંને દેશો વચ્ચે યુદ્ધવિરામનો કરાર અમલમાં હતો, જેણે પશ્ચિમ એશિયામાં ફરી એકવાર ભૂરાજકીય તણાવ વધારી દીધો છે.

ફ્લાઇટ ટ્રેકિંગ ડેટા અનુસાર, આ ડ્રોન ઇટાલીના સિગોનેલા બેઝ પરથી ઉડાન ભરીને હોર્મુઝની સામુદ્રધુનીમાં દેખરેખ રાખી રહ્યું હતું. તે સમયે તે ૫૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ હતું, જ્યાંથી તે અચાનક નીચે ઉતરવા લાગ્યું અને રડાર પરથી ગાયબ થઈ ગયું. ગાયબ થતા પહેલા ડ્રોન દ્વારા '૭૭૦૦' ઈમરજન્સી કોડ મોકલવામાં આવ્યો હતો.

અનંત અંબાણીનો જન્મદિવસ: 1 લાખ ગાયોને છપ્પન ભોગ અને જામનગરના ગામડાઓમાં મહાભોજ

રણવીર, શાહરૂખ સહિતની બોલીવૂડ હસ્તીઓ જોડાઇ

જામનગર, તા. 10: રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અનંત અંબાણીએ તેમના 31મા જન્મદિવસે જામનગરમાં ભવ્ય ઉજવણી કરી હતી. આ પ્રસંગે તેમણે 1 લાખથી વધુ ગાયોને 'છપ્પન ભોગ' ધરાવી ગૌસેવા કરી હતી. જામનગરના ગ્રામજનો માટે ભોજન સમારોહ યોજાયો હતો, જેમાં મહિલાઓને સાડી અને બાળકોને સ્કૂલ કિટનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં શાહરૂખ ખાન અને રણવીર સિંહ જેવી હસ્તીઓ પણ સામેલ થઈ હતી. ઉજવણીની સાથે અનંત અંબાણીએ 'વનતારા યુનિવર્સિટી'ની સ્થાપના કરવાની જાહેરાત કરી છે. વન્યજીવ સંરક્ષણ અને પશુ ચિકિત્સા વિજ્ઞાનને સમર્પિત આ વિશ્વની પ્રથમ એકીકૃત યુનિવર્સિટી હશે. પ્રાચીન નાલંદા વિદ્યાપીઠની ભાવનાથી પ્રેરિત આ સંસ્થા પશુ કલ્યાણ અને સંરક્ષણ ક્ષેત્રે નવા નિષ્ણાતો તૈયાર કરશે.

અનંતના જન્મદિવસની પાર્ટીમાં સલમાન નવા લુકમાં દેખાયો

જામનગર, તા. 10: મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીના 31માં જન્મદિવસની જામનગરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આ ખાસ પ્રસંગે બોલિવૂડની હસ્તીઓ ઉજવણીમાં હાજર રહી હતી. આ દિગ્ગજોએ સોશિયલ મીડિયા પર અનંત સાથેના ફોટા શેર કરી તેને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. સલમાન ખાને ઉજવણીમાં એક નવો લૂક ધારણ કર્યો છે અને અનંત સાથેની તસવીર શેર કરીને તેને ખાસ અંદાજમાં શુભેચ્છા આપી હતી. શાહરૂખ ખાને એક્સ પર લખ્યું કે, "તું જે સારા કાર્યો કરે છે તે ચાલુ રાખ અને હંમેશા સકારાત્મક રહે." રણવીર સિંહે પણ અનંત સાથેની એડિટ કરાયેલી મજેદાર તસવીર શેર કરી તેને 'ભાઈ' કહીને સંબોધ્યો હતો. સંજય દત્તે અનંતને 'સૌથી દયાળુ ભાઈ' ગણાવ્યો હતો. આ સેલિબ્રેશનમાં શાહરૂખ ખાન, સલમાન ખાન અને ક્રિતી સેનન સહિત અનેક હસ્તીઓ ઉમટી પડી હતી. આ ઉજવણીના ભાગરૂપે શેહનાઝ ગિલ રક્તદાન કેમ્પમાં પણ સામેલ થઈ હતી.

ચાહકે ખભા પર હાથ રાખતા જ સલમાન ખાનની સુરક્ષા ટીમ થઈ એલર્ટ



જામનગર, તા. 10: જામનગર એરપોર્ટ પર સલમાન ખાનનો એક વીડિયો વાયરલ થયો છે, જેમાં તે એક બાળક સાથે ફોટો પડાવતી વખતે ભીડમાં જોવા મળે છે. આ દરમિયાન એક વ્યક્તિએ સલમાનના ખભા પર હાથ રાખવાનો પ્રયત્ન કરતા સુરક્ષાકર્મીઓ તરત જ સક્રિય થઈ ગયા હતા અને તેને પાછળ ધકેલી દીધો હતો. જોકે, સલમાને શાંત રહીને સુરક્ષા ટીમને ઈશારાથી સંયમ રાખવા જણાવ્યું હતું. અનંત અંબાણીના જન્મદિવસની જામનગરમાં ઉજવણીમાં હાજર રહેલા સલમાને સોશિયલ મીડિયા પર ભાવુક પોસ્ટ શેર કરી હતી. તેણે અનંતને 'નિઃસ્વાર્થ અને દયાળુ ઇન્સાન' ગણાવતા લખ્યું કે, 'આ માણસ દેશને આગળ લઈ જશે, તે દિલ અને દિમાગથી અસલી અંબાણી છે.' સલમાને અનંતને પોતાના નાના ભાઈ સમાન ગણાવીને લાંબા આયુષ્યની શુભેચ્છા પાઠવી હતી.

રણદીપ હુડ્ડાએ દિકરીનું નામ અને તેનો અર્થ જાહેર કર્યો

મુંબઇ, તા. 10: અભિનેતા રણદીપ હુડ્ડા અને લિન લૈશરામે લગ્ન બાદ તેમના જીવનમાં આવેલી નવી ખુશી એટલે કે તેમની પુત્રીનું નામ જાહેર કર્યું છે. રણદીપે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને જણાવ્યું કે તેમણે પુત્રીનું નામ 'ન્યોમિકા હુડ્ડા' રાખ્યું છે. રણદીપે જણાવ્યું ન્યોમિકાનો અર્થ 'દિવ્ય કૃપા, સ્વતંત્રતા અને આકાશ જેવી અસીમ' થાય છે. ન્યોમિકાનો જન્મ 1 મહિના પહેલા થયો હતો. આ નામ રણદીપની બહેન અંજલી હુડ્ડાએ ઘણું સંશોધન કર્યા પછી રાખ્યું છે. દંપતીએ એક ભાવુક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે પોતાની દીકરીનું નામકરણ કરવું તેમના માટે અત્યંત ખાસ અને યાદગાર ક્ષણ રહી છે.

મહાકુંભની વાયરલ ગર્લ મોનાલિસા ફરમાન સાથે લગ્ન વખતે સગીર વયની હતી

નવી દિલ્હી, તા. 10: મહાકુંભની 'વાયરલ ગર્લ' તરીકે જાણીતી થયેલી મોનાલિસા ભોંસલે અંગે ચોંકાવનારો ખુલાસો થયો છે. રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગની તપાસમાં સાબિત થયું છે કે લગ્ન સમયે મોનાલિસા પુખ્ત વયની નહીં પરંતુ સગીર હતી. સરકારી હોસ્પિટલના રેકોર્ડ મુજબ તેનો જન્મ 30 ડિસેમ્બર 2009ના રોજ થયો હતો, જેથી કેરળમાં લગ્ન સમયે તેની ઉંમર માત્ર 16 વર્ષ, 2 મહિના અને 12 દિવસની હતી. આ મામલે મોનાલિસા સાથે લગ્ન કરનાર ફરમાન ખાન વિરુદ્ધ મધ્ય પ્રદેશના મહેશ્વર પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ અને એટ્રોસિટી એક્ટ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે. આયોગની ફરિયાદમાં કહેવાયું છે કે આ લગ્ન એક અંગત બાબત નથી પણ લવ જેહાદના અસ્તિત્વને નકારવા માટે વૈશ્વિક સ્તર પર એક ખોટું નરેશન સ્થાપિત કરવાના ષડયંત્રનો ભાગ હતા. આયોગે આ મામલે કેરળ અને મધ્ય પ્રદેશના ડીજીપીને દિલ્હી તેડાવ્યા છે અને કડક કાનૂની કાર્યવાહીના આદેશ આપ્યા છે.

વૈશ્વિક અર્થતંત્ર પર AIનો ખતરો

નવું એઆઈ મોડેલ 'મિથોસ' અમેરિકન સંરક્ષણ અને બેંકિંગ સિસ્ટમને હેક કરવાની ક્ષમતા ધરાવે છે

ટ્રમ્પ વહીવટીતંત્રે ટોચના બેંક વડાઓની તાકીદની બેઠક બોલાવી

વૉશિંગ્ટન, તા. 10: ટ્રમ્પ વહીવટીતંત્રે અમેરિકાની સૌથી શક્તિશાળી બેંકોના વડાઓને એક અત્યંત ગુપ્ત અને તાકીદની બેઠક માટે તેડાવ્યા છે. આ બેઠક 'એન્થ્રોપીક' કંપનીના નવા એઆઈ મોડેલ 'મિથોસ' દ્વારા વૈશ્વિક નાણાકીય સિસ્ટમ અને રાષ્ટ્રીય સુરક્ષા પર ઉભા થયેલા સંભવિત જોખમો અંગે ચર્ચા કરવા માટે યોજાઈ હતી. ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટ અને ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલે વોશિંગ્ટન ખાતે આ સત્ર બોલાવ્યું હતું.

એન્થ્રોપીક કંપનીએ સ્વીકાર્યું છે કે આ મોડેલે આંતરિક પરીક્ષણ દરમિયાન કંપનીના પોતાના નેટવર્કને હેક કરીને નિષ્ણાતોને ચોંકાવી દીધા હતા. આ એઆઈ મોડેલ હોસ્પિટલો, ઈલેક્ટ્રિકલ ગ્રીડ અને પાવર પ્લાન્ટ્સ જેવી મહત્વની માળખાગત સુવિધાઓને સરળતાથી હેક કરવાની ક્ષમતા ધરાવે છે. પરીક્ષણ દરમિયાન તેણે સોફ્ટવેરમાં એવી ખામીઓ શોધી કાઢી હતી જે દાયકાઓથી માનવ સુરક્ષા સંશોધકોની નજરમાં આવી ન હતી. બેઠકમાં સિટીગ્રુપના જેન ફ્રેઝર, મોર્ગન સ્ટેનલીના ટેડ પિક, બેંક ઓફ અમેરિકાના બ્રાયન મોયનિહાન અને ગોલ્ડમેન સૅક્સના ડેવિડ સોલોમન જેવા દિગ્ગજો હાજર રહ્યા હતા. જેપી મોર્ગનના જેમી ડીમન કોઈ કારણસર હાજર રહી શક્યા ન હતા.

નિષ્ણાતોના મતે, આ AI મોડેલ માનવો કરતા પણ વધુ ઝડપથી સાયબર હુમલા કરી શકે છે, જે અર્થતંત્ર અને જાહેર સુરક્ષા માટે જોખમી સાબિત થઈ શકે છે.

TORRENT POWER

વીજપ્રવાહ બંધ રહેવા બાબત

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૧૩/૦૪/૨૦૨૬, સોમવાર : અનમોલ પાર્ક (વેડ રોડ), સિન્થેટેક્ષ (રૂસ્તમપુરા)
- ૧૪/૦૪/૨૦૨૬, મંગળવાર: વીર પ્રભુ ઈન્ડ.(વસ્તાદેવડી), સત્તરકોટડી (સલાબતપુરા), ભાઠેના ઈન્ડ. નં.૬ (ભાઠેના)
- ૧૫/૦૪/૨૦૨૬, બુધવાર : એમ.કે. ચેમ્બર (વરાછા), ઈશ્વર પેલેસ (વરાછા), મૂનટેક્સ ડાઈંગ અને પ્રિન્ટીંગ-HT
- ૧૬/૦૪/૨૦૨૬, ગુરૂવાર : ડ્રીમ બિઝનેસ હાઉસ (ઘોડ દોડ), વિપીન (યુ.એમ.રોડ), સંજય નગર નં.૧ (આંજણા)
- ૧૭/૦૪/૨૦૨૬, શુક્રવાર : સેન્ટર પોઈન્ટ (રીંગ રોડ), રોકડીયા હનુમાન (રીંગ રોડ), ઠાકોર દ્વાર સોસા. (વરાછા)-T૨
- ૧૮/૦૪/૨૦૨૬, શનિવાર : પાટીદાર ભવન (રામપુરા)

અસુવિધા બદલ દિલગીર છીએ

વીજ સ્થાપનમાં ELCB/RCCB લગાડવાથી વીજ અકસ્માત નિવારી શકાય.

WhatsApp 8141970070

હેલ્પ લાઈન નં. 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912

પોર્ટલ : connect.torrentpower.com અને મોબાઈલ એપ : Torrent Power Connect

પશ્ચિમ રેલવે

ટ્રેકમેન માટે ટુલ્સ રૂમ્સ કમ રેસ્ટ રૂમ્સ

ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુએ), પશ્ચિમ રેલવે, છઠ્ઠો માળ, એન્જિનિયરીંગ ડિપાર્ટમેન્ટ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ- 400008 આમંત્રિત કરે છે ટેન્ડર નોટિસ નં. બીસીટી/26-27/7, તારીખઃ 7-4-2026. કાર્ય અને સ્થળઃ જોરાવસન - ઉકાઈ સોનગઢ સેક્શન, ટીબીએસઆર-2088 નંબર (1) બીલીમોરા - વઘઈ (એનજી) - ટીબીએસઆર (એચ-બીમ) - 1760 નંબર અને ટ્રેક મેન માટે ટુલ રૂમ કમ રેસ્ટ રૂમ, (2) ઉધના - ઉકાઈ સોનગઢ ટીબીઆર - 12.218 ટીકેએમ અને ઉધના - જલગાંવ - ટીબીએસઆર (એચ-બીમ) - 138 નંબર અને ટ્રેક મેન માટે ટુલ રૂમ્સ કમ રેસ્ટ રૂમ્સ (3) ઉધના - ઉકાઈ સોનગઢ - ટીએફઆર - 123.31 ટીકેએમ, ટીબીઆર - 13.393 ટીકેએમ એન્ડ પી એન્ડ સી - 37 નંબર ટીબીએસઆર - 225 નંબર. કાર્યનો અંદાજિત ખર્ચઃ રૂ. 5,30,33,491.92/- ઈએમડીઃ રૂ. 10,60,700/- રૂપિયા. જમા કરાવવાની તારીખ અને સમયઃ 5-5-2026 બપોરે 15.00 વાગે. ખુલવાની તારીખ અને સમયઃ 5-5-2026 બપોરે 15.30 વાગે. કાર્યની વધુ વિગતો જાણવા વેબસાઈટ www.ireps.gov.in પર જવું.

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly 1293

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

સામાન્ય પ્રશાસન વિભાગ મંડલ કાર્યાલય, સુરત : ચોથો માળ, તુલસી કૃપા આર્કેડ, પરવટ પાટીયા, સુરત–૩૯૫૦૧૦

પ્રિમાઈસીસ જોઈએ છે

પંજાબ નેશનલ બેંક ને તૈયાર સારા બાંધકામ વાળી હોલ ટાઈપ બિલ્ડીંગમાં નીચે જણાવેલ જગ્યા ઓફિસ લીઝ ભાડા માટે જોઈએ છે.

અનુ નં.	શાખા/ઓફિસ નું નામ	જીલ્લો	જરૂરીયાતનો વિસ્તાર	આશરે કાર્પેટ એરીયા
૧	એમસીબી સુરત	સુરત	વેસુ, સુરત	૧૬૦૦ થી ૨૦૦૦ ચો.ફૂટ

ઓફર કરાયેલ જગ્યા ભોંયતળિયે હોવી જોઈએ અથવા જો ઓફર કરાયેલ જગ્યા પહેલા માળે આવેલી હોય અથવા અન્ય માળે જગ્યાનો સમાવેશ થાય તો ત્યાં લિફ્ટની સુવિધા ઉપલબ્ધ હોવી જોઈએ. વૈધાનિક સત્તાવાળાઓ તરફથી તમામ ક્લિયરન્સ પ્રમાણપત્ર હોવા જરૂરી છે. ઈચ્છીત વિસ્તારમાં આવી જગ્યાના રસ ધરાવતા માલિકો / રજીસ્ટર્ડ પાવર ઓફ એટર્ની ધારકો કે જેઓ તેમની સહેલાઈથી ઉપલબ્ધ જગ્યાને લાંબા ગાળાના લીઝ ના ધોરણે લીઝ પર આપવા તૈયાર હોય તેમને પ્રાધાન્ય આપવામાં આવશે. તેઓ તેમની ઓફર બેંકની વેબસાઈટ : https://pnb.bank.in/Tender.aspx પર ઉપલબ્ધ નિયત ફોર્મેટમાં મોકલી શકે છે અથવા તો ઓફીસ સમય દરમ્યાન ઉપરોકત સરનામેથી મેળવી શકે છે. સંપૂર્ણ ઓફર વ્યવસ્થિત રીતે સીલ કરેલ અને નીચે સહી કરનારને **તા.૧૭/૦૪/૨૦૨૬ ના રોજ સમય સાંજે ૦૫:૦૦ અથવા તે પહેલા** નીચે જણાવેલ સરનામે પહોંચાડવાની રહેશે. **ચીફ મેનેજર, GSAD, પંજાબ નેશનલ બેંક, સર્કલ ઓફીસ, સુરત, ૪થો માળ, તુલસી કૃપા આર્કેડ, પરવટ પાટિયા, સુરત–૩૯૫૦૧૦**

બેંક દ્વારા દલાલી આપવામાં આવશે નહી. બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા તમામ ઑફરોને તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી સ્વીકારવાને અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે.

તા.૧૧.૦૪.૨૦૨૬ સર્કલ હેડ

સળગેલી રોકડ મળી આવવાના વિવાદમાં સંડોવાયેલા જસ્ટિસ વર્માનું રાજીનામુ

તેમને હોદ્દા પરથી દૂર કરવા માટેની મહાઅભિયોગની કાર્યવાહી હવે નિરર્થક

જો કે તેમના ઘરેથી મળેલી સળગેલી ચલણી નોટોના કેસમાં હવે ફોજદારી કાર્યવાહીનો સામનો કરવો પડી શકે

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): અલ્હાબાદ હાઈકોર્ટના મુશ્કેલીગ્રસ્ત જજ યશવંત વર્મા, જેઓ ગયા વર્ષે તેમના દિલ્હી સ્થિત નિવાસસ્થાનેથી બળેલા ચલણી નોટોના બંડલ મળી આવ્યા બાદ ભ્રષ્ટાચારના આરોપો હેઠળ બરતરફી માટે મહાભિયોગની કાર્યવાહીનો સામનો કરી રહ્યા હતા, તેમણે રાજીનામું આપી દીધું છે.

અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું કે જસ્ટિસ વર્મા વિરુદ્ધ લોકસભા દ્વારા શરૂ કરવામાં આવેલી દુર્લભ નિષ્કાસન પ્રક્રિયા તેમના તાત્કાલિક અસરથી અપાયેલા રાજીનામા બાદ નિરર્થક સાબિત થઈ છે. ન્યાયાધીશે 9 એપ્રિલના રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મોકલેલા પત્રમાં પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું. સંસદ દ્વારા તેમની હકાલપટ્ટી થતી રોકવા માટે, ન્યાયાધીશ પાસે રાજીનામું એ એકમાત્ર વિકલ્પ બચ્યો હતો, જેમણે લોકસભા દ્વારા નિયુક્ત પેનલ દ્વારા ચાલી રહેલી તપાસની કાર્યવાહીમાંથી પીછેહઠ કરી હતી. જજ 5 જાન્યુઆરી, 2031 ના રોજ નિવૃત્ત થવાના હતા. રોકડનો આ મોટો જથ્થો ત્યારે મળી આવ્યો હોવાનું મનાય છે જ્યારે 14 માર્ચ, 2025 ના રોજ હોળીની રાત્રે આશરે 11:35 વાગ્યે દિલ્હી હાઈકોર્ટના તત્કાલીન જજ જસ્ટિસ વર્માના લ્યુટિયન્સ દિલ્હી સ્થિત નિવાસસ્થાને આગ લાગી હતી, જેના કારણે ફાયર વિભાગના કર્મચારીઓએ ઘટનાસ્થળે પહોંચી આગ ઓલવવી પડી હતી.

9 એપ્રિલના રોજ રાષ્ટ્રપતિને મોકલેલા પત્રમાં તેમણે તાત્કાલિક અસરથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. 57 વર્ષીય જસ્ટિસ વર્માએ તેમના રાજીનામા પત્રમાં લખ્યું છે કે, તેઓ 'ખૂબ જ પીડા' સાથે રાજીનામું આપી રહ્યા છે. કાયદાકીય નિષ્ણાતોના મતે, રાજીનામું આપવા પાછળનું મુખ્ય કારણ નિવૃત્તિ બાદના લાભો જાળવી રાખવાનું છે. જો સંસદ દ્વારા તેમને હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા હોત, તો તેઓ પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો મેળવવા માટે હકદાર ન રહ્યા હોત. બંધારણની કલમ 217 મુજબ, હાઈકોર્ટના જજ રાષ્ટ્રપતિને સંબોધીને રાજીનામું આપી શકે છે અને તેને મંજૂર કરવાની જરૂર હોતી નથી. હવે જ્યારે જસ્ટિસ વર્મા બંધારણીય પદ પર નથી અને ખાનગી નાગરિક બની ગયા છે, ત્યારે સરકાર જો ઈચ્છે તો તેમની સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરી શકે છે.

DGVCL **દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ** DGVCL

CINU40102GJ2003SGC042909

રાજપીપળા વિભાગીય કચેરી, કાળિયા ભૂત મંદિર પાસે, રાજપીપળા

ફોન નં.:૦૨૬૪૦-૨૨૨૧૫૨ ઈ-મેઇલ: eeraj.dgvcl@gebmail.com

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખે અને સમયે ફીડર* ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ (વાર)	સમય
૧	૬૬ કેવી રાજપીપળા	તમામ ફીડર	રાજપીપળા-૧	૭૫૬૭૭૮૦૩૭૪	૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર)	૦૬:૦૦ થી ૧૦:૦૦
૨	૬૬ કેવી રાજપીપળા	૧૧ કેવી પોઈચા જેજીવાય	રાજપીપળા-૨	૭૫૬૭૭૪૯૮૦૬	૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૩	૬૬ કેવી બલ	૧૧ કેવી ખટામ જેજીવાય	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૪	૬૬ કેવી બલ	૧૧ કેવી ગઢ એજી	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૫	૬૬ કેવી સાગબારા	૧૧ કેવી ખોપી જેજીવાય	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૬	૬૬ કેવી સાગબારા	૧૧ કેવી ટેલિઆંબા એજી	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૭	૬૬ કેવી ચિકદા	૧૧ કેવી દાભવણ જેજીવાય	ચિકદા	૬૩૫૭૩૫૦૧૨૧	૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૮	૬૬ કેવી ચિકદા	૧૧ કેવી બેડવાણ એજી	ચિકદા	૬૩૫૭૩૫૦૧૨૧	૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૯	૬૬ કેવી ચિકદા	૧૧ કેવી ચિકદા જેજીવાય	ચિકદા	૬૩૫૭૩૫૦૧૨૧	૧૪.૦૪.૨૦૨૬ (મંગળવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૧૦	૬૬ કેવી ચિકદા	૧૧ કેવી ગોપલીયા એજી	ચિકદા	૬૩૫૭૩૫૦૧૨૧	૧૪.૦૪.૨૦૨૬ (મંગળવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૧૧	૬૬ કેવી ચિકદા	૧૧ કેવી આંબાવાડી જેજીવાય	ચિકદા	૬૩૫૭૩૫૦૧૨૧	૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૧૨	૬૬ કેવી ચિકદા	૧૧ કેવી કકરપાડા એજી	ચિકદા	૬૩૫૭૩૫૦૧૨૧	૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૧૩	૬૬ કેવી સાગબારા	૧૧ કેવી નાના કાકડીઆંબા એજી	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૧૪	૬૬ કેવી સાગબારા	૧૧ કેવી રોઝદેવ જેજીવાય	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૧૫	૬૬ કેવી રાજપારડી	૧૧ કેવી રાજપારડી જેજીવાય	રાજપારડી	૭૫૬૭૭૩૩૯૨૪	૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૧૬	૬૬ કેવી નામલપુર	૧૧ કેવી લીમડીયા જેજીવાય	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૧૭	૬૬ કેવી નામલપુર	૧૧ કેવી કંદલેજ એજી	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૧૮	૬૬ કેવી પ્રતાપનગર	૧૧ કેવી ટિંબી જેજીવાય	રાજપીપળા-૨	૭૫૬૭૭૪૯૮૦૬	૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૧૯	૬૬ કેવી આમદલા	૧૧ કેવી આમદલા જેજીવાય	ગરુડેશ્વર	૯૮૭૯૭૭૬૭૪૭	૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૨૦	૬૬ કેવી આમદલા	૧૧ કેવી વાડી એજી	ગરુડેશ્વર	૯૮૭૯૭૭૬૭૪૭	૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૨૧	૬૬ કેવી ઓરી	૧૧ કેવી નવાપરા એજી સ્કાય	રાજપીપલા-૨	૭૫૬૭૭૪૯૮૦૬	૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૨૨	૬૬ કેવી પાણેથા	૧૧ કેવી ફીચવાડા એજી	રાજપારડી	૭૫૬૭૭૩૩૯૨૪	૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૨૩	૬૬ કેવી પાણેથા	૧૧ કેવી ઈન્દોર એજી	રાજપારડી	૭૫૬૭૭૩૩૯૨૪	૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૨૪	૬૬ કેવી પાણેથા	૧૧ કેવી પાણેથા એજી	રાજપારડી	૭૫૬૭૭૩૩૯૨૪	૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૨૫	૬૬ કેવી પાણેથા	૧૧ કેવી જીતપરા જેજીવાય	રાજપારડી	૭૫૬૭૭૩૩૯૨૪	૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૨૬	૬૬ કેવી બલ	૧૧ કેવી સમોટ જેજીવાય	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૨૭	૬૬ કેવી સૂઈકુવા	૧૧ કેવી પિંડોલી જેજીવાય	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૨૮	૬૬ કેવી સોઈકુવા	૧૧ કેવી વોરા એજી	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૨૯	૬૬ કેવી ખેડીપાડા	૧૧ કેવી બોરીપીઠા જેજીવાય	ચિકદા	૬૩૫૭૩૫૦૧૨૧	૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૩૦	૬૬ કેવી ખેડીપાડા	૧૧ કેવી રૂખલ એજી	ચિકદા	૬૩૫૭૩૫૦૧૨૧	૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૩૧	૬૬ કેવી ભોગવદ	૧૧ કેવી જાવલી એજી	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૩૨	૬૬ કેવી ભોગવદ	૧૧ કેવી કોલવણ જેજીવાય	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૩૩	૬૬ કેવી રાજુવાડીયા	૧૧ કેવી વરાછા જેજીવાય	રાજપીપલા-૨	૭૫૬૭૭૪૯૮૦૬	૧૭.૦૪.૨૦૨૬ (શુક્વાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૩૪	૬૬ કેવી સાગબારા	૧૧ કેવી દેવમોગરા જેજીવાય	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૧૭.૦૪.૨૦૨૬ (શુક્વાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૩૫	૬૬ કેવી સાગબારા	૧૧ કેવી ગોડદા એજી	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૧૭.૦૪.૨૦૨૬ (શુક્વાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૩૬	૬૬ કેવી ખેડીપાડા	૧૧ કેવી રોજગાટ જેજીવાય	ચિકદા	૬૩૫૭૩૫૦૧૨૧	૧૭.૦૪.૨૦૨૬ (શુક્વાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૩૭	૬૬ કેવી ખેડીપાડા	૧૧ કેવી ઝાંક એજી	ચિકદા	૬૩૫૭૩૫૦૧૨૧	૧૭.૦૪.૨૦૨૬ (શુક્વાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૩૮	૬૬ કેવી નામલપુર	૧૧ કેવી મહીજીપૂરા જેજીવાય	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૭.૦૪.૨૦૨૬ (શુક્વાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૩૯	૬૬ કેવી નામલપુર	૧૧ કેવી કસોટીયા એજી	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૭.૦૪.૨૦૨૬ (શુક્વાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૪૦	૬૬ કેવી આમદલા	૧૧ કેવી સાંઘીયા જેજીવાય	ગરુડેશ્વર	૯૮૭૯૭૭૬૭૪૭	૧૭.૦૪.૨૦૨૬ (શુક્વાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૪૧	૬૬ કેવી આમદલા	૧૧ કેવી સૂકા એજી	ગરુડેશ્વર	૯૮૭૯૭૭૬૭૪૭	૧૭.૦૪.૨૦૨૬ (શુક્વાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૪૨	૬૬ કેવી નેત્રંગ	૧૧ કેવી અસનાવી જેજીવાય	રાજપારડી	૭૫૬૭૭૩૩૯૨૪	૧૭.૦૪.૨૦૨૬ (શુક્વાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૪૩	૬૬ કેવી બલ	૧૧ કેવી ડૂમખલ જેજીવાય	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૧૭.૦૪.૨૦૨૬ (શુક્વાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૪૪	૬૬ કેવી બોરદા	૧૧ કેવી નાલ જેજીવાય	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૧૮.૦૪.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૪૫	૬૬ કેવી બોરદા	૧૧ કેવી ગાયસાવર એજી	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૧૮.૦૪.2૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૪૬	૬૬ કેવી ડેડીયાપાડા	૧૧ કેવી નીવાલ્દા ટાઉન	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૧૮.૦૪.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૪૭	૬૬ કેવી ચિકદા	૧૧ કેવી આંબાવાડી જેજીવાય	ચિકદા	૬૩૫૭૩૫૦૧૨૧	૧૮.૦૪.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૪૮	૬૬ કેવી ચિકદા	૧૧ કેવી કાકરપાડા એજી	ચિકદા	૬૩૫૭૩૫૦૧૨૧	૧૮.૦૪.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૪૯	૧૩૨ કેવી તિલકવાડા	૧૧ કેવી અલવા જેજીવાય	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૮.૦૪.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૫૦	૧૩૨ કેવી તિલકવાડા	૧૧ કેવી ગંભીરપુરા એજી	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૮.૦૪.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦
૫૧	૬૬ કેવી ભચરવાડા	૧૧ કેવી ઘાંટા જેજીવાય	રાજપીપલા-૨	૭૫૬૭૭૪૯૮૦૬	૧૮.૦૪.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૨:૦૦

નોંધઃ કામ પૂર્ણ થયા પછી કે પહેલા, વધુ કોઈ પણ જાતની નોટીસ કે જાણ કાર્ય સિવાય વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધલેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.), દ.ગુ.વી.કં.લિ, વિભાગીય કચેરી, રાજપીપળા

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચોઅને વીજ અકસ્માતો ટાળો